બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ- ૩૮૮ ૧૧૦

ડૉ. વાય.એમ.શુકલ
આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષ

ફોન નં.: ૦૨૬૯૨-૨૬૧૦૭૬
ઇ-મેલ: deanagri@aau.in

# રાષ્ટ્રીય કક્ષાએ આઇ.સી.એ.આર. ની ફેલોશીપ મેળવનાર બં.અ.કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓનો અભિવાદન સામારંભ યોજાયો.

બં.અ.કૃષિ મહાવિદ્યાલયના એક્ઝામ હોલ ખાતે આઈ.સી.એ.આર. ફેલોશીપ મેળવનાર અને ઉત્તીણ થનાર વિદ્યાર્થીઓનો અભિવાદન સમારંભ આજ રોજ ૩૦ મી નવેમ્બર મંગળવારના રોજ વિદ્યાર્થી પ્રતિનિધિ સંઘના નેજા હેઠળ યોજવામાં આવ્યો હતો.

કોલેજના આચાર્ય અને ડીનશ્રી ડૉ.વાય.એમ.શુકલે જણાવ્યુ કે બં.અ.કૃષિ મહાવિદ્યાલય તેના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહેલ છે. ત્યારે આ વર્ષે કોલેજના ૧૫ વિદ્યાર્થીઓએ ફેલોશીપ સાથે આઇ.સી.એ.આર. એક્ઝામ પાસ કરી સફળ બન્યા છે. એ આનંદ અને ગૌરવની બાબત છે. વધુમાં તેમણે જણાવ્યુ કે આવનાર વર્ષોમાં વધુ વિદ્યાર્થીઓ મહેનત કરી સંસ્થાનું નામ રોશન કરે તે માટે કોલેજ તરફથી ખાસ તૈયારીઓ માટે જરૂરી સગવડો, ફેકલ્ટીના સહકાર આપવા બાંહેધરી આપી હતી..

માનનીય કુલપતિશ્રી ડૉ.કે.બી.કથીરીયા સાહેબે આ વિદ્યાર્થીઓના અભિવાદન સમારોહમાં શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો તથા સફળતા માટેના ચાવીરૂપ સિધ્ધાંતોની છણાવટ કરી તેમની લાગણીઓને વ્યક્ત કરી હતી. ઉત્તીણ થનાર વિદ્યાર્થીઓને સ્મૃતી ચિહ્ન તરીકે ખાસ ભેટ અર્પણ કરવામાં આવેલ હતી. સફળતા મેળવેલ

વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા તથા કોલેજના સર્વે ફેકલ્ટી કેવી રીતે મદદરૂપ થયા અને સિનિયર વિદ્યાર્થીઓના અનુભવ કેવી રીતે કામ લાગ્યો તે જણાવ્યુ હતું. કોલેજની સ્નાતક કક્ષાની અભ્યાસ પધ્ધતિ અને પ્રાધ્યાપકોના ભારોભાર વખાણ કર્યા હતા.

ડૉ.કલ્યાણરાવ પાટીલે પોતાના અંગત અનુભવો રજૂ કરતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે કોલેજ તેની અમૃત વર્ષની ઉજવણી તથા દેશ આઝાદીના અમૃત મહોત્સવ મનાવે છે ત્યારે ગુજરાત વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ ઝળહળતા પરીણામો મેળવી દેશની નામાંકીત રાષ્ટ્રીય કક્ષાની સંસ્થામાં વધુ અભ્યાસ અર્થે ઉત્તીણ થઈ પ્રવેશે છે તે આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરતા આભાર વીધી વિદ્યાર્થીસંઘના ચેરમેન ડૉ.ડીજે.પરમારે કરી સમારોહ પૂર્ણ જાહેર કર્યો હતો.


FELICITATION CEREMONY
2020-21


2020-21


BA COLLEGE OF AGRICULTURE
FELICITATION CEREMONY
Of ICAR JRF and Non JRF Qualified Students
2020-21
Organized By
BACA Student Representative Council



